વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૧૯-૨૦ સુધીનો ડીએપી, સ્ટેટ એગ્રીકલ્ચર પ્લાન અને સ્ટેટ ઈનફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ પ્લાન તૈયાર કરવા માટે ડૉ. એન. સી. પટેલ, માન. કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની અધ્યક્ષતામાં તા.૧૯.૦૨.૨૦૧૮ના રોજ ૧૦.૦૦ કલાકે "યાજ્ઞવલ્કય" કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે આયોજન કરવામાં આવેલ મીટીંગની કાર્યવાહી નોંધ.

---

બેઠકની શરૂઆતમાં ડો. એચ. બી. પટેલ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામક, આકૃયુ, આણંદે સૌને આવકાર્યા. સદર બેઠકમાં પરિશિષ્ટ- અ મુજબના મહાનુંભાવો અને અધિકારીશ્રીઓ હાજર રહયા હતા. ડો. અરૂણ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામક, આકૃયુ, આણંદે સ્વાગત પ્રવચન કરી પુષ્પગુચ્છથી મહાનુભાવોનું સ્વાગત કરેલ. સ્વાગત પ્રવચનમાં તેમણે જણાવેલ કે સ્ટેટ ઓથોરિટી દ્વારા ૧૨મી પંચવર્ષીય યોજનામાં બનાવેલ SAP અને SIDPને આરકેવીવાય વેબસાઇટ ઉપર મુકવામાં આવે તો બધાને તેની જાણકારી મળી શકે. વધુમાં SAP અને SIDP માં દર્શાવેલ કામગીરીમાંથી થયેલ કામગીરી અને સ્ટેટ પ્રાયોરીટી પણ તેમના દ્વારા જણાવવા અનુરોધ કરેલ જેથી આગળની ઘટતી કાર્યવાહી થઇ શકે.

(અમલ: સંયુકત ખેતી નિયામકશ્રી(આરકેવીવાય), એપિક, કૃષિભવન, ગાંધીનગર )

નવા SAP અને SIDP બનાવવા માટે ઉપલબ્ધ સાહિત્યનો પણ અભ્યાસ કરી લેવો જેમ કે ડૉ. એ. આર. પાઠક, કુલપતિશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ મોકલાવેલ Strategies for Doubling the Farmers' Income in Gujarat by 2022ની સોફ્ટ કોપી સર્વે કન્વીનરશ્રીઓને ઈ-મેઈલથી મોકલી આપવા અને આકૃયુ દ્વારા બહાર પાડવામાં આવેલ ગુજરાતના ખેડૂતોની આવક બમણી કરવાની પથદર્શિકા જેમાં દર્શાવેલ સ્ટ્રેટેજી અને એક્શન પ્લાન ધ્યાનમાં રાખી SAP અને SIDP બનાવવો તેમ જણાવેલ. વધુમાં આરકેવીવાય (રફ્તાર)ની ઓપરેશનલ ગાઇડ લાઇન સર્વે કન્વીનરશ્રીઓને (ઈ-મેઈલમાં સામેલ) મોકલી આપવામાં આવશે તેને ધ્યાને રાખી કામગીરી કરવી ખાસ કરીને એપેંડીક્ષ-બી તેમજ એપેંડીક્ષ-ઈ માં દર્શાવેલ પ્રોજેક્ટ/ સેક્ટરની યાદી ઉપર વિચારણા તથા ઘટતુ કરવા જાણ કરેલ.

(અમલ: વિસ્તરણ શિક્ષણ નિયામક, આકૃયુ, આણંદ અને C-DAP, SAP અને SIDPના કન્વીનરશ્રીઓ)

ડો. એન. સી. પટેલ, માન. કુલપતિશ્રી, આકૃયુ., આણંદે અધ્યક્ષ સ્થાનેથી જણાવેલ કે આપણને સરકારે બે માસમાં C-DAP, SAP અને SIDP બનાવવા જણાવેલ છે જેથી ઝડપથી રીપોર્ટ તૈયાર કરવો પડશે. SIDP બનાવવા માટે આરકેવીવાય (રફ્તાર)ની ગાઇડ લાઇનમાં દર્શાવેલ એરીયાને પકડી ન રાખતા નવા એરીયા પણ દર્શાવવા, આ માટે જે તે જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીઓ પણ નવા એરીયા જણાવી શકે છે. ૨૦૧૩ માં ૭ નવા જિલ્લા અને ૨૨ નવા

તાલુકાઓની રચના કરવામાં આવેલ છે જેથી હવે ૩૩ જિલ્લા ના સીડેપ બનાવવાના થાય છે. SAP અને SIDP બનાવવા જિલ્લા કક્ષાની માહિતીની જરૂર પડશે જે માહિતી જિલ્લા ખેતીવાડી અધિકારીઓ પાસેથી મળી રહેશે. દરેક કન્વીરોએ તેમની માહિતી એક માસમાં તૈયાર કરી મોકલી આપવી. જેથી પંદર દિવસમાં બધી માહિતી કમ્પાઈલ કરી ડ્રાફ્ટ રીપોર્ટ તૈયાર કરી ચર્ચા કરી ફાઈનલ કરી સરકારમાં રજૂ કરી શકાય.

(અમલ: તમામ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓ, કન્વીનરશ્રીઓ અને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી)

ત્યારબાદ ડો. એચ. બી. પટેલ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી દ્વારા ૧૨મી પંચવર્ષિય યોજનામાં તૈયાર કરેલ SAP અને SIDP ની ટૂંકમાં માહિતી રજૂ કરેલ અને ત્યાર બાદ નવા C-DAP, SAP અને SIDP તૈયાર કરવા બાબતે વિગતવાર જરૂરી મુદ્દાઓની જરૂરિયાત અંગે પાવર પોઇંટ પ્રેઝન્ટેશનથી રજુ કર્યુ. સદર પાવર પોઇંટ પ્રેઝન્ટેશન દરમ્યાન સઘન ચર્ચાને અંતે નીચે મુજબના નિર્ણય લેવામાં આવ્યા:

૧) ચર્ચાને અંતે ૧૨મી પંચવર્ષીય યોજનામાં બનાવવામાં આવેલ C-DAP, SAP અને SIDP મુજબના ફોર્મેટમાં ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦નો C-DAP, SAP અને SIDP બનાવવો.

(અમલ: C-DAP, SAP અને SIDPના કન્વીનરશ્રીઓ)

૨) C-DAP, SAP અને SIDP તૈયાર કરવા માટે તાલુકાની અને જિલ્લાની જરૂરી આંકડાકીય તેમજ અન્ય માહિતી આપવાની જવાબદારી જે તે જિલ્લા ખેતીવાડી/ જિલ્લા બાગાયત/ જિલ્લા પશુપાલન/ જિલ્લા ફીશરીઝ તેમજ જિલ્લા ફોરેસ્ટ અધિકારીશ્રીઓની રહેશે વધુમાં જિલ્લા ખેતીવાડી/ જિલ્લા બાગાયત/ જિલ્લા પશુપાલન/ જિલ્લા ફીશરીઝ તેમજ જિલ્લા ફોરેસ્ટ અધિકારીશ્રીઓ દ્વારા આપવામાં આવેલ માહિતી આખરી ગણવાની રહેશે. આ માટે ગાંધીનગર ખાતેની નિયામકશ્રી ખેતીવાડી/ નિયામકશ્રી બાગાયત/ નિયામકશ્રી પશુપાલન/ નિયામકશ્રી ફીશરીઝ અને નિયામકશ્રી ફોરેસ્ટની કચેરી દ્વારા જે તે જિલ્લાના અધિકારીશ્રીઓને માહિતી આપવા સમય મર્યાદામાં જરૂરી આદેશો કરવા તેમજ યોગ્ય માર્ગદર્શન આપવુ.

(અમલ: નિયામકશ્રી ખેતીવાડી/ નિયામકશ્રી બાગાયત/ નિયામકશ્રી પશુપાલન/ નિયામકશ્રી ફીશરીઝ અને નિયામકશ્રી ફોરેસ્ટની કચેરી)

૨) C-DAP, SAP અને SIDP તૈયાર કરવા માટે છેલ્લા પાંચ વર્ષની આંકડાકીય માહિતી દર્શાવવી તેમજ નવા તાલુકા તથા નવા જિલ્લાની આંકડાકીય માહિતી ઉપલબ્ધ ન હોય ત્યા NA દર્શાવવુ અને આગળના બે વર્ષના આંકડા જે તે જિલ્લાના ભેગા હોય તો એસ્ટ્રીક મારી સંયુક્ત આંકડા છે તેમ દર્શાવવુ.

(અમલ: C-DAP, SAP અને SIDPના કન્વીનરશ્રીઓ)

૩) SAP અને SIDP તૈયાર કરવા માટે પાછલા દશ વર્ષ દરમિયાન યુનિવર્સિટી દ્વારા ભલામણ કરેલ જાતો અને હાલમાં પ્રચલિત જૂની જાતોનો સમાવેશ કરવો તેમજ ભલામણ કરેલ યુનિવર્સિટીનું નામ તથા ભલામણ માટેનો વિસ્તાર પણ દર્શાવવાનો રહેશે.

(અમલ: SAP અને SIDPના કન્વીનરશ્રીઓ)

૪) SAP અને SIDP તૈયાર કરવા માટે સીડ રીપ્લેસમેન્ટ રેશિઓ (SRR) ની આંકડાકીય માહિતી ખેતી નિયામકની કચેરી પૂરી પાડશે.

(અમલ: ખેતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર)

૫) SAP અને SIDP તૈયાર કરવા માટે બ્રીડર સીડ અંગેની માહિતી ચારેય કૃષિ યુનિવર્સિટીઓની ભેગી કરીને દર્શાવવી.

(અમલ: SAP અને SIDPના કન્વીનરશ્રીઓ)

૬) ગત પંચવર્ષિય યોજનાના SAP અને SIDP મુજબ ખેડૂતોની તાલીમ માટે રૂ. ૬૦૦ પ્રતિ દિન પ્રતિ ખેડૂત રાખવા અને વિસ્તરણ કાર્યકરો માટેની તાલીમ માટે રૂ.૯૦૦ પ્રતિ દિન પ્રતિ વ્યક્તિ રાખવા તેવુ નક્કી કરવામાં આવ્યુ.

(અમલ: C-DAP, SAP અને SIDPના કન્વીનરશ્રીઓ)

૭) પાક નિદર્શન માટે ICAR ની ગાઇડ લાઇન મુજબ રેટ રાખવા તેમજ આ રેટ પ્રતિ હેક્ટરમાં દર્શાવવા તથા એક એકરનું એક નિદર્શન મુજબ નિદર્શનોની સંખ્યા દર્શાવવી.

(અમલ: C-DAP, SAP અને SIDPના કન્વીનરશ્રીઓ)

ડો. એન. સી. પટેલ, માન. કુલપતિશ્રી, આકૃયુ., આણંદ દ્વારા ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી, નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ, રીન્યુએબલ એનર્જી અને ફાર્મ મિકેનાઈઝેશન વિષયો ઉપર વધુ ભાર મૂકવા જણાવેલ. તેમજ રાજ્ય કક્ષાએ રાજ્ય સરકાર દ્વારા ચાલતી યોજનાઓના મોનીટરીંગ તેમજ સ્ટેટ આંકડાકીય માહિતી માટે અલગ ટીમની વ્યવસ્થા હોવી જોઇએ તેમ જણાવેલ.

ડો. સી. જે. ડાંગરીયા, માન. કુલપતિશ્રી, નકૃયુ., નવસારી દ્વારા વેરાઈટલ રીપ્લેસમેંટ અને લેંડ ડેવેલપમેન્ટ જેવા મુદ્દાઓ ઉપર ભાર આપવા જણાવેલ તેમજ જીએલડીસીના અધિકારીઓનો પણ C-DAP, SAP અને SIDP તૈયાર કરવા માટે સમાવેશ કરવો.

(અમલ: GLDC અને C-DAP, SAP અને SIDPના કન્વીનરશ્રીઓ)

ડો. પી. એચ. વાટલીયા, માન. કુલપતિશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા જે પ્રોજેક્ટો પૂર્ણ થઈ શકે તેવા જ પ્રોજેક્ટો રાખવા જોઈએ. તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવેલોપમેન્ટ, સ્વચ્છ દૂધ ઉત્પાદન, બ્રુસેલોસીસ તથા ખરવા મોવાસાના વધતા વ્યાપને અટકાવવા માટે જરૂરી પગલા લેવા તેમજ ઓર્નામેન્ટલ ફીશ અંગેના પ્રોજેક્ટો રાખવા જણાવેલ તથા જ્યાં દૂધ સહકારી મંડળીઓ ન હોય

તેવા વિસ્તારમાં તેનો વ્યાપ વધારવા માટે જરૂરી પગલાઓનો C-DAP, SAP અને SIDP સમાવેશ કરવા અનુરોધ કરેલ.

(અમલ: C-DAP, SAP અને SIDPના કન્વીનરશ્રીઓ)

શ્રી. એમ. બી. ધોરાજીયા, સંયુક્ત ખેતી નિયામકશ્રી, રાજકોટ દ્વારા મૂલ્યવર્ધન વિષય ઉપર ભાર મૂકવા, મૂલ્ય વર્ધનને લગતું સહકારી માળખુ ઉભુ કરવા તેમજ મૂલ્ય વર્ધનને લગતા તાલીમો નો C-DAP, SAP અને SIDPમાં સમાવેશ કરવા જણાવેલ.

(અમલ: C-DAP, SAP અને SIDPના કન્વીનરશ્રીઓ)

શ્રી. એસ. એચ. ગાંવીત, સંયુક્ત બાગાયત નિયામકશ્રી, વડોદરા દ્વારા બાગાયતી પાકો માટે પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ ઉપર ભાર મૂકવા જણાવેલ.

(અમલ: C-DAP, SAP અને SIDPના કન્વીનરશ્રીઓ)

ડો. ફાલ્ગુની ઠાકર, સંયુક્ત પશુપાલન નિયામક દ્વારા દેશી બ્રીડને પ્રમોટ કરવી જોઇએ તેમજ જ્યાં સહકારી ક્ષેત્રો ન હોય ત્યા ખાનગી સંસ્થાઓને આગળ કરવી જોઇએ તેમ જણાવેલ.

ડો. વાય. સી. ઝાલા, આચાર્ય અને ડીનશ્રી, આઈએબીએમઆઈ, આકૃયુ, આણંદે પ્રોડ્યુસર કંપનીઓની પ્રપોઝલ અંગે જણાવેલ ચર્ચા ના અંતે ડો. એન. સી. પટેલ, માન. કુલપતિશ્રી, આકૃયુ., આણંદે ડો. વાય. સી. ઝાલાને પ્રોડ્યુસર કંપનીઓની પ્રપોઝલ તૈયાર કરી સબમીટ કરવા જણાવ્યું.

(અમલ: ડો. વાય. સી. ઝાલા, આચાર્ય અને ડીન, આઈએબીએમઆઈ, આકૃયુ, આણંદ )

ત્યાર બાદ અલગ અલગ ટીમના કન્વીનરશ્રીઓ સાથે મીટીંગમાં ચર્ચા થયા મુજબ તેમના ગૃપમાં કયા ક્યા મુદ્દાઓ/યોજનાઓનો સમાવેશ કરવો જોઈએ તે અંગે અધ્યક્ષ અને માન. કુલપતિશ્રી ડૉ. એન. સી. પટેલે કન્વીનર વાઈઝ ચર્ચા કરેલ અને સઘન ચર્ચાના અંતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

1. મગફળીમાં વેરાઈટલ રીપ્લેસમેન્ટ ખૂબજ અગત્યનું હોઇ તેના ઉપર વધુ ભાર મુકવો તેમજ નવી વિકસાવેલ જાતોનો વ્યાપ વધારવા માટેના પગલાં લેવા જરૂરી છે.

   (અમલ: ડો. કે. એલ. ડોબરીયા, કન્વીનરશ્રી-મગફળી)

2. કપાસમાં જીનીંગ, પ્રોસેસીંગ અને વીવીંગ માટે નાના સહકારી કેન્દ્રોનો વિકાસ કરવા ઉપર ભાર મુકવો તેમજ સદર બાબત માટે KVIC (ખાદી અને વિલેજ ઈન્સ્ટ્રીઝ કમિશન)નો પણ સમાવેશ કરી શકાય.

   (અમલ: ડો. બી. જી. સોલંકી, કન્વીનરશ્રી-કપાસ)

3. બાજરી માટે ખરીફના પ્રથમ હરોળ નિદર્શનની જગ્યાએ સેમી રવીના પ્રથમ હરોળ નિદર્શનોનો સમાવેશ કરવો જોઈએ.

   (અમલ: ડૉ. એમ. ડી. ખાનપરા, કન્વીનરશ્રી-બાજરી)

4. જુવાર માટે યાંત્રિક કાપણી/રીપરનો ઉપયોગ વધારવો તેમજ મૂલ્યવૃધ્ધિ ઉપર વધુ ભાર મુકવો જરૂરી છે.

(અમલ: ડો. બી. કે. દાવડા, કન્વીનરશ્રી- જુવાર)

5. હલકા ધાન્યમાં મૂલ્યવર્ધન અને પ્રોસેસિંગ ઉપર વધુ ભાર મુકવો જરૂરી છે.

(અમલ: ડો. એચ. ઇ. પાટીલ, કન્વીનરશ્રી- હલકા ધાન્ય)

6. તલ માટે ઉનાળુ તલની ખેતીનો વ્યાપ વધારવા પગલા લેવા અને મૂલ્યવર્ધન થકી નિકાસ વધારવો તેમજ જોડીયા હાર પદ્ધતિથી પિયતનો વ્યાપ વધારવો જરૂરી છે.

(અમલ: ડો. વી. એન. ગોહીલ, કન્વીનરશ્રી- તલ, નાઈઝર અને સોયાબીન)

7. શાકભાજી માટે રક્ષિત ખેતી (Protected Cultivation) અને પ્લગ નર્સરીનો વ્યાપ વધારવો. તથા નાના પાયા પર ટામેટાની સૂકવણીના પ્રોજેક્ટની જરૂરિયાત છે.

(અમલ: ડો. આર. આર. આચાર્ય, કન્વીનરશ્રી- શાકભાજી પાકો)

8. બાગયતી પાકો માટે મૂલ્યવર્ધન, આંતરપાક પદ્ધતિ તથા નવા પાકો (ડ્રેગન ફ્રૂટ, લીક, બ્રોકોલી)ની ખેતી પદ્ધતિ તેમજ સ્કોપ વિષે જાગૃતતા માટેના પગલા લેવા જરૂરી છે. તેમજ કેરીમાં ગરમ પાણીની ટ્રીટમેન્ટ માટે બે એક્રીડિયેટેડ લેબોરેટરીઓ સ્થાપવા માટે દરખાસ્ત તૈયાર કરવી જરૂરી છે.

(અમલ: ડો. એન. આઇ. શાહ, કન્વીનરશ્રી- બાગાયત પાકો)

9. ફાર્મ મશીનરીમાં કાર્યક્ષમ પદ્ધતિનો ઉપયોગ કરવો અને બહુવિધ સાધનોનો ઉપયોગ કરવો.

(અમલ: શ્રી વી. એમ. મોદી, કન્વીનરશ્રી-કાર્મ મશીનરી)

10. ગ્રામીણ ભંડારણ યોજના બંધ થઇ ગયેલ છે જે ને પુન: ચાલુ કરવા માટે દરખાસ્ત તૈયાર કરવી જરૂરી છે.

(અમલ: ડો. આર. એફ. સુતાર, કન્વીનરશ્રી- પોસ્ટહાર્વેસ્ટ મેનેજમેન્ટ અને વેલ્યુએડિશન)

11. ડીસીલ્ટેશન ઉપર ભાર મુકવાની જરૂરિયાત છે.

(અમલ: ડૉ. એસ. ડી . રાંક, કન્વીનરશ્રી-સોઈલ વોટર મેનેજમેન્ટ)

12. જમીનની ફળદ્રૂપતા વધારવા માટે ઓન ફામ બાયો ચાર ટેકનોલોજીનો ઉપયોગ વધારવાને જરૂરિયાત છે. પાક અવશેષોને સળગાવવાને બદલે તેના વ્યવસ્થાપન માટે પગલા લેવા જરૂરી છે. (અમલ: ડો. પી. એમ. ચૌહાણ, કન્વીનરશ્રી-રીન્યુએબલ એનર્જી)

13. બાયોફર્ટિલાઈઝરના પ્રસાર માટે એપીએમસી ખાતે યુનિટો ઉભા કરવા માટેનો ફલેગશીપ પ્રોગ્રામ જુના SAPમાં તેના ઉપર ભાર મુકવામાં આવ્યો.

(અમલ: ડો. આર. વી. વ્યાસ, કન્વીનરશ્રી- બાયોફર્ટિલાઈઝર)

14. સજીવ ખેત પેદાશોના વેચાણ માટે જિલ્લા કક્ષાએ વેચાણ વ્યવસ્થા માટે એક અલાયદો વિભાગ બનાવવો જરૂરી છે.

(અમલ: ડો. એ. આર. કસવાલા, કન્વીનરશ્રી- સજીવ ખેતી)

15. બાયોરેશનલ મેનેજમેન્ટ તેમજ મધમાખી પાલનને પ્રોત્સાહન, ગુલાબી ઇયળ અને સફેદ ધૈણના નિયંત્રણ તેમજ બીજ માવજતને પ્રાધ્યાન્ય આપવું જરૂરી છે.

(અમલ: ડો. પી. કે. બોરડ કન્વીનરશ્રી- આઈપીએમ અને આઈડીએમ)

16. ઈ-નામનો વ્યાપ ગુજરાતમાં વધારવો જોઈએ આ અંગે ચર્ચાના અંતે નક્કી કરવામાં આવ્યું કે ગુજરાત રાજ્યની દેશની સરખામણી એ શું સ્થિતી છે તે અંગેનો રીપોર્ટ રજુ કરવો.

(અમલ: ડો. એમ. જી. ધંધાલ્યા, કન્વીનરશ્રી, માર્કેટીંગ)

17. ગાયના દૂધના ભાવ EFU (Equivalent Fat Unit) મુજબ મળે તે માટે, ઘાસના તૈયાર ચોસલા બનાવવા માટે મોબાઈલ પ્રોસેસિંગ યુનિટની વ્યવસ્થા માટે તેમજ ગ્રામ્ય/ બ્લોક કક્ષાએ ફોડર બેંકની સ્થાપના માટે દરખાસ્ત કરવી જરૂરી છે વધુમાં ગ્રામ્ય/ બ્લોક કક્ષાએ મારવેલ ઘાસનો વ્યાપ વધારવો જરૂરી છે.

(અમલ: ડો. કે. એસ. મૂર્થી, કન્વીનરશ્રી- લાર્જ એનીમલ પ્રોડકશન)

18. પશુઓને લગતી વિસ્તરણ પ્રવૃત્તિઓમાં પશુઓની સ્વાસ્થ્ય સંબધિત બાબતો ઉપર ખાસ ભાર મૂકવો જરૂરી છે.

(અમલ: ડો. ડી. એમ.પટેલ, કન્વીનરશ્રી- એનીમલ હેલ્થ)

19. બકરીના દૂધના મૂલ્યવર્ધન માટે પગલા લેવા જરૂરી છે.

(અમલ: ડો. એન.પી. સરવૈયા, કન્વીનરશ્રી-સ્મોલ રૂમિનન્ટસ અને સસલા પાલન )

20. પ્રથમ હરોળ નિદર્શનોમાં આપવામાં આવતા પક્ષીઓની સંખ્યા ૨૫ ની જગ્યાએ ૧૦૦ કરવી જરૂરી છે તેમજ રાનીખેત અને અન્ય રોગો માટે નિયમીત રસીકરણની વ્યવસ્થા કરવી જરૂરી છે. વધુમાં માન. કુલપતિશ્રી, કામધેનુંએ સૂચવેલ કે ડો. એ. કે. શ્રીવાસ્તવને બદલે ડૉ. એફ. પી. સાવલિયાને આ ગૃપના કન્વીનર બનાવવા જોઈએ અને ડો. એ. કે. શ્રીવાસ્તવને સભ્ય તરીકે મુકવા ભલામણ કરેલ.

(અમલ: ડૉ. એફ. પી. સાવલિયા, કન્વીનરશ્રી- પોલ્ટ્રી પ્રોડકશન અને હેલ્થ)

21. ઘાસચારાના બીજનો વ્યાપ વધારવાની જરૂરિયાત છે. જેના માટે બીજ નિગમની સાથે રહી ને તમામ સહકારી ડેરીઓના પોતાના ફાર્મ ઉપર ઘાસચારાના બીજ ઉત્પાદન બહોળા પ્રમાણમાં થાય તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે.

(અમલ: ડો. એચ. આર. પરમાર, કન્વીનરશ્રી- ફોડર પ્રોડક્શન)

22. ફીશરીઝ માટે જુના એસઆઈડીપીમાં મુકેલા ૧૨ પ્રોજેક્ટ રીવાઈઝ કરીને મુકવા.

(અમલ: પ્રોફેસર એ. એ. વ્યાસ, કન્વીનરશ્રી- ફીશરીઝ)

23. સ્વચ્છ દૂધ ઉત્પાદનને લગતા તમામ મુદ્દાઓનો સમાવેશ કરવો જરૂરી છે.

(અમલ: ડો. જે. બી. પ્રજાપતિ, કન્વીનરશ્રી – ડેરી સાયન્સ)

24. જુના SAPમાં જણાવેલ પ્રોજેક્ટ રીવાઈઝ કરીને ફરીથી મુકવા જરૂરી છે.

(અમલ: ડૉ. અરૂણ પટેલ, ડૉ. એ. સી. પટેલ, કન્વીનરશ્રી- પ્રમોશન ઓફ એક્ષટેંશન એક્ટીવીટીઝ અને આઈસીટી)

25. બદલાતા વાતાવરણની પરિસ્થિતીને અનુરૂપ ખેતી અંગેની તાલીમો યોજવાની હાલના સંજોગોમાં તાતી જરૂરિયાત છે જેનો સમાવેશ કરવો જરૂરી છે.

(અમલ : ડૉ. એમ. કુલશ્રેષ્ઠા, કન્વીનરશ્રી- એન્વાયરમેન્ટ, ક્લાઈમેન્ટ ચેંન્જ અને વેધર ફોરકાસ્ટીંગ)

26. પશુપાલન અંગેના જુના SAPના પ્રોજેક્ટ રીવાઈઝ કરી રજૂ કરવા જરૂરી છે.

(અમલ : ડૉ. ડી. બી. પાટીલ, કન્વીનરશ્રી- કામધેનું યુનિવર્સિટી)

27. ઝુનોટીક રોગો અંગેનો સમાવેશ કરવો જરૂરી છે આ અંગે સઘન ચર્ચાના અંતે નક્કી કરવામાં આવ્યું કે આ બાબતે શું સ્થિતી છે અને કયા પગલા લઇ શકાય તે અંગેનો રીપોર્ટ ડો. એન. સી. પટેલ, માન. કુલપતિશ્રી, આકૃયુ., આણંદને રજુ કરવો તેમજ જેતે સમિતીના કન્વીનરને જાણ કરવી.

(અમલ: ડો. એમ. કે. ઝાલા,સહ સંશોધન નિયામકશ્રી, આકૃયુ, આણંદ)

28. ડૉ. એચ. બી. પટેલ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી દ્વારા દરેક કન્વીનરશ્રીઓને જણાવવામાં આવેલ કે, રીપોર્ટમાં નીચે મુજબ પેજ સેટઅપ રાખવું.

૧. પેજ – A4 સાઈઝ

૨. ફોન્ટ - Arial

3. ફોન્ટ સાઈઝ – ૧૧

૪. હેડિંગ્સ – Bold રાખવા

૫. માર્જિન – ઉપર, નીચે અને જમણી બાજુ – ૧" અને ડાબી બાજુ ૧.૨" રાખવું

૬. લાઈન સ્પેસિંગ – ૧.૧૫" રાખવું.

વધુમાં, સંલગ્ન રીપોર્ટમાં આવતી તમામ આંકડાકીય માહિતી ફરજીયાતપણે Microsoft Excel માં પણ આપવાની રહેશે.

(અમલ: C-DAP, SAP અને SIDPના કન્વીનરશ્રીઓ)

અંતમાં ડો. એન. સી. પટેલ, માન. કુલપતિશ્રીએ નીચે મુજબના સૂચનો કરેલ :

- તમામ કન્વીનરશ્રીઓએ જિલ્લા વહીવટી તંત્ર સાથે મળીને પરામર્શ કરી કઇ યોજનાઓ જે ખુબ જ અગત્યની હોવા છતા સરકારશ્રી દ્વારા બંધ કરી દેવામાં આવી છે અને કઇ યોજનાઓ કાર્યરત છે જે ખરેખર બંધ કરવા જેવી છે તેની વિગતો મેળવવી. બંધ થયેલ યોજનાઓ ઉપયોગી હોય તો ફરી સમાવેશ કરવો.
- સંલગ્ન જિલ્લા વિભાગે માહિતી/જરૂરી રીપોર્ટ સમયસર જિલ્લા કન્વીનરશ્રીઓને આપવાનો રહેશે.
- તેમજ સીડેપ અને એસએપીના ખર્ચ માટે અલગ ફંડની માંગણી તમામ યુનિવર્સિટીઓએ કરવાની રહેશે અને ગ્રાન્ટન મળે ત્યા સુધી ખર્ચ પોતાની યુનિવર્સિટી ખાતે કરવાનો રહેશે.

બેઠકના અંતે ડૉ. એચ. બી. પટેલ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામકે હાજર રહેલ સર્વે મહાનુભાવો અને અધિકારીશ્રીઓનો આભાર માની માન. અધ્યક્ષશ્રીની મંજૂરીથી બેઠક પૂર્ણ જાહેર કરેલ.

આ કાર્યનોંધ આ બેઠકના અધ્યક્ષ અને માન. કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદે મંજૂર કરેલ છે.

જા.નં.આકૃયુ/વિશિનિ/પ્રથમ મિટીંગ સેપ/ ૯૭૫૦-૯૮૯૦ /૨૦૧૮

તા:૨૨.૦૨.૨૦૧૮

વિસ્તરણ શિક્ષણ નિયામક

<u>નકલ સવિનય રવાના જાણ અને અમલ થવા સારૂ.</u>

૧. માન.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

૨. માન.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

૩. માન.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર

૪. માન.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, કૃષિભવન, ગાંધીનગર

૫. માન.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી, આકૃયુ, આણંદ

૬. ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, કૃષિભવન, સેકટર-૧૦, ચ- રોડ, ગાંધીનગર

૭. બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજય, કૃષિભવન, સેકટર-૧૦, ચ- રોડ, ગાંધીનગર

૮. પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજય, કૃષિભવન, સેકટર-૧૦, ચ- રોડ, ગાંધીનગર

૯. મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ૩ જો માળ,બ્લોક નં.૮, જીવરાજ મહેતાભવન,ગાંધીનગર

૧૦. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત જમીન વિકાસ નિગમ, લિમીટેડ, સેકટર-૧૦, ચ- રોડ, ગાંધીનગર

૧૧. સંયુકત ખેતી નિયામકશ્રી(આરકેવીવાય), એપિક, કૃષિભવન, ગાંધીનગર

૧૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષા નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી/ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ/ સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર / આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ

૧૩. વિસ્તરણ શિક્ષાણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી/ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ/સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર

૧૪. સહ સંશોધન નિયામકશ્રી (કૃષિ) અને (પશુપાલન)/ સહ વિસ્તરણ શિક્ષાણ નિયામક,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ

૧૫. સંયુકત ખેતી નિયામકશ્રી(જં.સં) જયોતિ લીમીટેડ પાસે, એલમ્બીક રોડ, વડોદરા

૧૬. સંયુકત ખેતી નિયામકશ્રી(જં.સં) જિલ્લા સેવા સદન, નં.૨, બ્લોક નં.૭, પાંચમો માળ, રેસક્રોસરોડ, રાજકોટ

૧૭. સંયુકત ખેતી નિયામકશ્રી(વિસ્તરણ), સાબરમતી, વિસત પેટ્રોલ પંપ પાસે, અમદાવાદ

૧૮. સંયુકત ખેતી નિયામકશ્રી(વિસ્તરણ), અઠવાલાઈન્સ, લાલ બંગલો, ઓલપાલ સ્ટ્રીટ સામે, પોલ્ટ્રી ફાર્મ પાસે, સુરત-૩૯૫૦૦૧.

૧૯. સંયુકત ખેતી નિયામકશ્રી(વિસ્તરણ), ધોબીઘાટ, હૈદરી ચોકની બાજુમાં, મહેસાણા-૧

૨૦. સંયુકત ખેતી નિયામકશ્રી(વિસ્તરણ), જયોતિ લીમીટેડ પાસે, એલમ્બીક રોડ, વડોદરા

૨૧. સંયુકત ખેતી નિયામકશ્રી(વિસ્તરણ), સરદાર બાગ, ગોદડીયા કુવાની બાજુમાં, જુનાગઢ

૨૨. સંયુકત ખેતી નિયામકશ્રી(વિસ્તરણ), જિલ્લા સેવા સદન, નં.૨, બ્લોક નં.૭, પાંચમો માળ, રેસક્રોસરોડ, રાજકોટ

૨૩. સંયુકત બાગાયત નિયામકશ્રી, કોઠી કચેરી, રાવપુરા, વડોદરા

૨૪. સંયુકત બાગાયત નિયામકશ્રી, જિલ્લા સેવા સદન, નં.૨, બ્લોક નં.૭, પાંચમો માળ, રેસક્રોસરોડ, રાજકોટ

૨૫. રીજીયોનલ સંયુકત પશુપાલન નિયામક, રાજકોટ/ અમદાવાદ/ વડોદરા

૨૬. નાયબ મત્યપાલન નિયામક, સુરત/વડોદરા/રાજકોટ/વેરાવળ

૨૭. તમામ કન્વનરશ્રીઓ તરફ જાણ તથા અમલ કરવા સારૂ.

## પરીશીષ્ટ-અ

વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૧૯-૨૦ સુધીનો ડીએપી, સ્ટેટ એગ્રીકલ્ચર પ્લાન અને સ્ટેટ ઈનફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ પ્લાન તૈયાર કરવા માટે તા.૧૯.૦૨.૨૦૧૮ (સોમવાર) ના રોજ ૧૦.૦૦ કલાકે "યાજ્ઞવલ્કય" કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મળેલ પ્રથમ બેઠકમાં નીચે મુજબના મહાનુભાવો અને અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

| અ. નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ર્ડા એન. સી પટેલ | માન. કુલપિતશ્રી, આકૃયુ, આણંદ |
| ૨ | ડૉ. પી. એચ. વાટલિયા | માન. કુલપતિશ્રી, કામધેનું યુનિવર્સિટી, ગાંધીનગર |
| 3 | ર્ડા સી. જે ડાંગરિયા | માન. કુલપિતશ્રી, નકૃયુ, નવસારી |
| ૪ | શ્રી એમ. બી. ધોરાજીઆ | ખેતી નિયામકશ્રી, ગાંધીનગરના પ્રતિનિધિ |
| ૫ | શ્રી. એસ. એસ. ગાવિત | બાગાયત નિયામકશ્રી, ગાંધીનગરના પ્રતિનિધિ |
| ૬ | ડૉ. ફાલ્ગુનિબેન | પશુપાલન નિયામકશ્રી, ગાંધીનગરના પ્રતિનિધ |
| ૭ | ડૉ. કે. બી. કથિરીયા | સંશોધન નિયામકશ્રી, આકૃયુ, આણંદ |
| ૮ | ડૉ. પ્રમોદ મોહનાથ | સંશોધન નિયામકશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના પ્રતિનિધિ |
| ૯ | ડૉ. ડી. બી. પાટીલ | સંશોધન નિયામકશ્રી, કામધેનું યુનિવર્સિટી, ગાંધીનગર |
| ૧૦ | ડૉ. અરૂણ પટેલ | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ, આણંદ |
| ૧૧ | ડૉ. જી. આર. પટેલ | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૧૨ | ડૉ. કે. એ. ઠક્કર | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, એસ.ડી.એ.યુ., સરદાર કૃષિનગર |
| ૧૩ | ડૉ.એ.એમ. ઠાકર | આચાર્ય અને ડીનશ્રી, વેટરનરી કોલેજ, આકૃયુ, આણંદ |
| ૧૪ | ડૉ. વાય. સી. ઝાલા | આચાર્ય અને ડીનશ્રી, આઈ.એ.બી.એમ.આઈ આકૃયુ, આણંદ |
| ૧૫ | ડૉ. કે. પી. પટેલ | આચાર્ય અને ડીનશ્રી, બી.એ.સી.એ, આકૃયુ, આણંદ |
| ૧૬ | ડૉ. જે. બી. પ્રજાપતિ | આચાર્યશ્રી, એસએમસી ડેરી સાયન્સ કોલેજ, એએયુ, આણંદ |
| ૧૭ | શ્રી જે. બી. માથાસોલીયા | સંયુકત ખેતી નિયામકશ્રી(વિસ્તરણ), વડોદરાના **પ્રતિનિધિ** |
| ૧૮ | ડૉ. બી.જી. સોલંકી | સંશોધન વૈજ્ઞાનિક (કોટન), એનએયુ, સુરત |
| ૧૯ | ડૉ. એચ. આર. દેસાઈ | મદદ. સંશોધન વૈજ્ઞાનિક, એનએયુ, સુરત |
| ૨૦ | ડૉ. એસ. સેલાપવાર | મદદ.સંશોધન વૈજ્ઞાનિક, એનએયુ, સુરત |
| ૨૧ | ડૉ.એસ.સી. માલી | સંશોધન વૈજ્ઞાનિક (શેરડી), એનએયુ, નવસારી |
| ૨૨ | ડૉ.કે.એસ.પ્રજાપતિ | સંશોધન વૈજ્ઞાનિક મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, નવાગામ |
| ૨૩ | ડૉ. એમ. બી. પરમાર | સહ સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, નવાગામ |
| ૨૪ | ડૉ. ડી. બી. પ્રજાપતિ | સહ સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, નવાગામ |
| ૨૫ | ડૉ. એ. કે. પટેલ | સહ સંશોધન વૈજ્ઞાનિક, ઘઉં સંશોધન કેન્દ્ર, એસડીએયુ, વિજાપુર |
| ૨૬ | ડૉ. એમ. બી. પટેલ | સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા, એએયુ, આણંદ |
| ૨૭ | ડૉ. એમ. ડી. ખાનપરા | સંશોધન વૈજ્ઞાનિક (બાજરી), બાજરી સંશોધન મથક, જેએયુ, જામનગર |
| ૨૮ | ડૉ. બી. કે. દાવડા | સંશોધન વૈજ્ઞાનિક (જુવાર), એનએયુ, સુરત |
| ૨૯ | ડો એચ.ઇ. પાટિલ | સહ સંશોધન વૈજ્ઞાનિક,એનએયુ, વઘાઈ (ડાંગ) |
| 3૦ | ડૉ. કે. એલ. ડોબરિયા | સંશોધન વૈજ્ઞાનિક (મગફળી),જેએયુ., જુનાગઢ |

| અ. નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| ૩૧ | ડૉ. આનંદીલાલ જાટ | સહ સંશોધન વૈજ્ઞાનિક (દિવેલા અને રાઈ) એસડીએયુ, એસ.કે.એનગર |
| ૩૨ | ડો. વી. એન. ગોહિલ | સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર, જેએયુ, અમરેલી |
| ૩૩ | ડૉ. નરેન્દ્રસિંહ | એસોસિયેટ રિસર્ચ સાયન્ટિસ્ટ, એસડીએયુ, એસ.કે.એન.નગર |
| ૩૪ | ડૉ. બી.જી.પ્રજાપતિ | સહ સંશોધન વૈજ્ઞાનિક, બીજ મસાલા કેન્દ્ર, એસડીએયુ, જગુદન, જિ. મહેસાણા |
| ૩૫ | ડો આર. આર. આચાર્ય | સહ સંશોધન વૈજ્ઞાનિક વૈજ્ઞાનિક, મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, એએયુ,આણંદ. |
| ૩૬ | ડો. એન. આઈ. શાહ | પ્રોફેસર અને હેડ, બાગાયત વિભાગ, જેએયુ, જુનાગઢના પ્રતિનિધિ |
| ૩૭ | ડૉ. વી.એમ.મોદી | મદદ. પ્રાધ્યાપક, કોલેજ ઓફ આરઈ એન્ડ ઈઈ, એસડીએયુ, એસ.કે.એન.નગર |
| ૩૮ | ડો. આર. એફ. સુથાર | પ્રાધ્યાપક, ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો એનર્જી કોલેજ, એએયુ, આણંદ |
| ૩૯ | ડૉ. એસ. ડી. રાંક | સંશોધન વૈજ્ઞાનિક (એગ્રી. એન્જી.) પ્રોફેસર અને હેડ (SWE), જેએયુ, જુનાગઢ |
| ૪૦ | ડૉ. પી. એમ. ચૌહાણ | પ્રોફેસર એન્ડ હેડ, રિન્યુએબલ એનર્જી અને ગ્રામીણ એન્જિનિયરિંગ વિભાગ, સીએઈટી, જેએયુ, જુનાગઢ |
| ૪૧ | ડો. આર.બી.પટેલ | પ્રોફેસર અને હેડ, જમીન વિજ્ઞાન વિભાગ. બીએસીએ, એએયુ, આણંદ |
| ૪૨ | ડો આર. વી. વ્યાસ | સંશોધન વૈજ્ઞાનિક, એએયુ, આણંદ |
| ૪૩ | ડો. એ.આર. કસવાળા | એસોસિયેટ રિસર્ચ સાયન્ટિસ્ટ, ઓર્ગેનીક ફાર્મ, હોર્ટી. કોલેજ, એનએયુ, નવસારી |
| ૪૪ | ડૉ. પી. કે. બોરડ | પ્રોફેસર એન્ડ હેડ, કીટકશાસ્ત્ર વિભાગ, બીએસીએ, એએયુ, આણંદ |
| ૪૫ | ડૉ. એમ. જી. ધંધાલીયા | એસોસિયેટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કૃષિ. અર્થશાસ્ત્ર, કૃષિ કોલેજ, જેએયુ, જુનાગઢ |
| ૪૬ | ડૉ. કે. એસ. મૂર્તિ | સંશોધન વૈજ્ઞાનિક, પશુ ઉછેર ફાર્મ, જેએયુ, જૂનાગઢ |
| ૪૭ | ડૉ. ડી. એમ. પટેલ | પ્રોફેસર, વેટ. કોલેજ, એએયુ, આણંદ |
| ૪૮ | ડો. એન.પી. સરવૈયા | પ્રાધ્યાપક, રી-પ્રોડક્ટીવ બાયોલોજીકલ રીસર્ચ યુનિટ, વેટ. કોલેજ, આકૃયુ, આણંદ |
| ૪૯ | ડો. એફ. પી. સાવલીયા | મદદ. પ્રાધ્યાપક, (એલપીએમ) વેટર્નરી કોલેજ, એસડીએયુ, એસ.કે.એન.નગરના પ્રતિનિધિ |
| ૫૦ | ડૉ. કે. એન. વાધવાણી | પ્રોફેસર & હેડ, વેટર્નરી કોલેજ, એએયુ, આણંદ |
| ૫૧ | ડો. એચ. આર. પરમાર | સંશોધન, વૈજ્ઞાનિક, ફોરેજ, એએયુ, આણંદ |
| ૫૨ | પ્રોફેસર એ. એ. વ્યાસ | સહ પ્રાધ્યાપક, ઈનલેન્ડ ફિશરીઝ રિસર્ચ સ્ટેશન, જેએયુ, જુનાગઢ |
| ૫૩ | ડૉ. રાજેશ ગુંન્ગા | એસોસિયેટ પ્રોફેસર (ફોરેસ્ટ બાયોલોજી એન્ડ એગ્રો ફોરેસ્ટ્રી) ફોરેસ્ટ્રી કૉલેજ, એનએયુ, નવસારી |
| ૫૪ | ડૉ. એમ. કુલશ્રેષ્ઠા | પ્રોફેસર, બી.એ.સી.એ., એએયુ, આણંદ |
| ૫૫ | ડૉ. એચ. આર. પટેલ | સહ સંશોધન નિયામકશ્રી, આકૃયુ, આણંદ |
| ૫૬ | ડૉ. એમ.કે. ઝાલા | સહ સંશોધન નિયામકશ્રી, આકૃયુ, આણંદ |
| ૫૭ | ડૉ. બી. એસ. દેવરા | પ્રાધ્યાપકશ્રી, કૃષિ ઇજનેરી, એસડીએયુ, એસ.કે.એન.નગર |
| ૫૮ | ડૉ. એચ. યુ. વ્યાસ | સહ પ્રાધ્યાપક, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૫૯ | ડૉ. આર. વી. બોરીચાંગર | સહ પ્રાધ્યાપક, ફીશરીઝ કોલેજ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૬૦ | ડૉ. આર. એમ. સોલંકી | સહ પ્રાધ્યાપક, એગ્રોનોમી વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| ૬૧ | શ્રી કે. વી. પટેલ | સંયુકત બાગાયત નિયામકશ્રી, નવસારી |

| અ. નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| ૬૨ | શ્રી કે. કે. પટેલ | હોર્ટીકલ્ચર ઓફીસ, તાપી |
| ૬૩ | ડૉ. એમ. આર. પટેલ | મદદ. વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, એસ. એસ. કે, આકૃયુ, આણંદ |
| ૬૪ | ડૉ. ડી. આર. કથિરીયા, | નિયામક, આઈ.ટી, આકૃયુ, આણંદ |
| ૬૫ | ડૉ. એસ. ડી. પટેલ | તા.સ., વિ.શિ.વિ., કચેરી, આકૃયુ, આણંદ |
| ૬૬ | શ્રી એમ. ડી. ગુર્જર | મદદ. પ્રાધ્યાપક, ડેરી સાયન્સ કોલેજ, આકૃયુ, આણંદ |
| ૬૭ | ડૉ. વી. એસ. સુથાર | પ્લાનિંગ ઓફિસર, કામધેનું યુનિવર્સિટી, ગાંધીનગર |
| ૬૮ | ડૉ. આર. એસ. પરમાર | પ્રાધ્યાપક, કોલેજ ઓફ એઆઈટી, આકૃયુ, આણંદ |
| ૬૯ | ડૉ. કે. ડી. અપરનાથી | પ્રાધ્યાપક, ડેરી સાયન્સ કોલેજ, આકૃયુ, આણંદ |
| ૭૦ | ડૉ.એસ. વી. શાહ | સંશોધન વૈજ્ઞાનિક અને વડા, એલઆરએસ, આકૃયુ, આણંદ |
| ૭૧ | ડૉ. એ.સી. પટેલ | નિયામકશ્રી, ઈઈઆઈના પ્રતિનિધિ |
| ૭૨ | ડૉ. એમ. એમ. લુણાગરિયા | સહ પ્રાધ્યાપક, કૃષિ હવામાનશાસ્ત્ર વિભાગ, આકૃયુ, આણંદ |
| ૭૩ | ડૉ. બીપીન રાઠોડ | સંયુકત બાગાયત નિયામકશ્રી, ગાંધીનગર |
| ૭૪ | શ્રી જે. કે. પટેલ | સંયુકત બાગાયત નિયામકશ્રી, સાંબરકાંઠા |
| ૭૫ | ડૉ. એમ. વી. પટેલ | પ્રાધ્યાપક, એગ્રોનોમી વિભાગ, આકૃયુ, આણંદ |
| ૭૬ | શ્રી ડી. કે. પડાલીયા | સંયુકત બાગાયત નિયામકશ્રી, સુરત |
| ૭૭ | શ્રી એન. વી. પટેલ | સંયુકત બાગાયત નિયામકશ્રી, વલસાડ |
| ૭૮ | શ્રી આર. વી. પંચાલ | હોર્ટીકલ્ચર ઓફીસર, નડીઆદ, ખેડા |
| ૭૯ | શ્રી જે. ડી. દેસાઈ | મદદ. પ્રાધ્યાપક, વિશિનિ કચેરી, આકૃયુ, આણંદ |
| ૮૦ | શ્રી પી. સી. પટેલ | મદદ. પ્રાધ્યાપક, વિશિનિ કચેરી, આકૃયુ, આણંદ |
| ૮૧ | ડૉ. એચ. બી. પટેલ | સહ વિસ્તરણ શિક્ષણ નિયામક, આકૃયુ, આણંદ |

જા.નં.આકૃયુ/વિશિનિ/પ્રથમ મિટીંગ સેપ/ ૯૬૯૦-૯૮૯૦/૨૦૧૮

તા: ૨૨.૦૨.૨૦૧૮

પ્રતિ,

................

................

................

તરફ આ સાથે વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૧૯-૨૦ સુધીનો ડીએપી, સ્ટેટ એગ્રીકલ્ચર પ્લાન અને સ્ટેટ ઈનફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ પ્લાન તૈયાર કરવા માટે માન. કુલપતિશ્રી, ડૉ. એન. સી. પટેલ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની અધ્યક્ષતામાં તા.૧૯.૦૨.૨૦૧૮ (સોમવાર) ના રોજ ૧૦.૦૦ કલાકે "યાજ્ઞવલ્કય" કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મળેલ પ્રથમ બેઠકની કાર્યવાહી નોંધ મોકલી આપવામાં આવે છે જે અંગે યોગ્ય પગલા લેવા વિનંતી છે.

વિસ્તરણ શિક્ષણ નિયામક